Samrat Pharmachem Limited

Manufacturers & Exporters of Pharmaceutical Chemicals

Regd. Office & Factory
Plot No. A2/3445, GIDC,
Phase 4, Ankleshwar - 393002,
Gujarat, India
Tel: +91-7045456789 / 7046456789
Web:www.samratpharmachem.com

CIN: L24230GJ1992PLC017820

Corporate Office
701/702 Business Square,
M. A. Road, Andheri (West),
Mumbai - 400058, India
Tel: +91-7507534567 / 8760345678
E: contact@samratpharmachem.in

September 6, 2024

To,
Department of Corporate Services,
BSE Limited
P J Towers,
Dalal Street,
Mumbai - 400 001.

Scrip Code: 530125

Dear Sir,

Sub: Newspaper Publication - Notice of 32nd AGM, Record Date for Payment of Dividend, Book Closure & Remote e-voting Information

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015, we furnish herewith copy of newspaper publication of Notice of 32nd AGM, Record Date for Payment of Dividend, Book Closure & Remote e-voting Information.

The Notice is published in the following newspapers today i.e. September 6, 2024.

1. **Indian Express (In English, Vadodara Edition)**
2. **Vadodara Samachar (In Gujarati, Vadodara Edition)**

Thanking you,

Yours faithfully,
For Samrat Pharmachem Limited

NISHANT KUMAR KANKARIA
Digitally signed by NISHANT KUMAR KANKARIA
Date: 2024.09.06 16:18:21 +05'30'

Nishant Kankaria
Company Secretary & Compliance Officer

કલોલ નગરપાલિકામાં હોબાળો

ઉશ્કેરાયેલા લોકોનો પ્રમુખ અને સ્ટેન્ડિંગ ચેરમેન ઉપર હુમલો

જામનગરમાં મચ્છરનગર હાઉસિંગ બોર્ડ ના બ્લોકમાં એક મહિલાના ઘરમાં ઘૂસી આવેલા બે શખ્સો હંગામો કર્યો

કોર્પોરેટરના લાંચ કેસમાં મનપાના અધિકારીઓ પણ લપેટામાં આવી શકે છે

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ બાબતે મોટા સમાચાર

નવસારી જિલ્લાની કાવેરી નદી પર બુલેટ ટ્રેન માટેના પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ ટ્રેનથી આપણા દેશમાં રેલવે મુસાફરીના અનુભવ બદલવા માટે બદલાઈ જવાના છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડવા જઈ રહી છે, જેના માટે રેલવે ટ્રેકની સાથે આવી સમુદ્રની નીચે પાણીની ઉંડાણમાં ટનલ બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ દરમિયાન નવસારી જિલ્લાની કાવેરી નદી પર બુલેટ ટ્રેન માટેના પુલનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. ત્યારે ગુજરાતમાં આકાર ૨૦ બ્રિજમાંથી ૧૧ નદીઓ પરના પુલ પૂર્ણ થયું છે.

તાજેતરના અહેવાલો અનુસાર, નવસારી જિલ્લામાં આવેલી કાવેરી નદી પર બ્રિજનું કામ ગત ૨૫મી ઓગસ્ટે પૂર્ણ થયું હતું. આ બ્રિજની અન્ય વિગતો અંગે જાણીએ તો બ્રિજની લંબાઈ ૧૨૦ મીટર છે. જેમાં ૩ ફૂલ સ્પાન ગર્ડર (દરેક ૪૦ મીટરનો) સમાવેશ થાય છે. બ્રિજના થાંભલાઓની ઊંચાઈ ૧૩થી ૨૧ મીટર જેટલી છે. જેમાં ૪ મીટર વ્યાસના એક થાંભલા અને ૫ મીટર વ્યાસના ત્રણ થાંભલા છે. આ પુલ વાપી અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે છે. આ બંને સ્ટેશનો વચ્ચે કોલક, પાર અને ઔરંગા નદીઓ પર પુલનું નિર્માણ પણ પૂર્ણ થઈ ગયું છે. આ નદી અંબિકા નદીની ઉપનદીઓમાંની એક છે. જે મ સહ્યાદ્રી પર્વત રાજ્ય સાથે ગુજરાત રાજ્યના સરહદી વિસ્તારમાં વાંસદા તાલુકાના ટેકરીઓમાં ઉદ્ભવ છે. કાવેરી નદી, વાપી બુલેટ ટ્રેન સ્ટેશનથી ૪૯ કિ.મી. અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનથી ૭૪ કિ.મી.ના અંતરે છે. આ ઉપરાંત જાપાનીઝ શિંકનસેનમાં વપરાતા જે-સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમ, મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર ટ્રેક સિસ્ટમ માટે ટ્રેક બેડ નાખવાનું કામ પણ ચાલી રહ્યું છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટની કુલ કિંમત ૧.૦૮ લાખ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

શેરહોલ્ડિંગ પેટર્ન મુજબ, કેન્દ્ર સરકાર NHSRCLને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવશે, જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય ૫,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવશે. બાકીના ખર્ચ જાપાન પાસેથી ૦.૧ ટકા વ્યાજે લોન દ્વારા ભરવામાં આવશે. સપ્ટેમ્બર ૨૦૧૭માં અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ ટ્રેન ૨ કલાકમાં ૫૦૦ કિમીથી વધુનું અંતર કાપશે.

મેળા પહેલા પદયાત્રિકોની સુરક્ષાને લઈને સવાલ ઉઠ્યા

શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ શરૂ

શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે લાખો પદયાત્રીઓની સુરક્ષા સામે સવાલ ઊભા થયા છે. અંબાજી પહોંચના પદયાત્રીઓ માટે દાંતા-અંબાજી માર્ગ પર ખૂબ જ ખતરનાક જોખમ છે. ત્રિશુળિયા ઘાટની વળાંકોના કારણે પદયાત્રીઓના જીવ જોખમમાં રહે છે. ત્રિશુળિયા ઘાટ પર અગાઉ અકસ્માતો થતા હતા એટલે ત્રિશુળિયા ઘાટ પર રસ્તા પહોળા કરી અને માર્ગ પહોળો કરવામાં આવ્યા હતા. હવે ચોમાસાની સ્તુને ખપત... પછી પાવાની રાખવામાં આવે છે. ત્યારે પદયાત્રીઓની સલામતી માટે યાત્રાધામના માર્ગ પર પ્રોટેક્શન જાળી લગાવવાની માંગણી ઉઠી રહી છે. રાજપૂત નામના પદયાત્રિ જણાવે છે કે ભાદરવી પૂનમના મહામેળામાં યાત્રિકોના ધસારો વધુ રહે છે. હાલ વરસાદી સિઝન પણ ચાલી રહી છે. ત્યારે ચાલતા આવતા પદયાત્રિકોના માથે અંબાજી ઘાટી પથ્થરો અને જાનહાનિ થવાની ભીતિ રહેલી છે. આથી સમગ્ર ત્રિશુળિયા ઘાટ પર જાળી લગાવવી અત્યંત જરૂરી છે. આથી અંબાજી મેળા માટે વિસ્તૃત જાળી અને નવા સ્તર જાળી અને ભાદરવી પૂનમના મેળા પહેલા આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. આ દિવસ બાદ ભાદરવી પૂનમનો મેળો શરૂ થઈ રહ્યો છે અને દાંતા અંબાજી માર્ગ પરથી લાખો પદયાત્રિકો આ મેળામાં આવનાર છે ત્યારે જોખમી બનેલા ત્રિશુળિયા ઘાટ પર જાળી લગાવવી અત્યંત જરૂરી છે.

નેશનલ હાઈવેની ઇટોલા ચોકડી પરથી મૃતદેહ મળી આવ્યો છે

વરણામા પોલીસ હેઠળના વરણામા સ્ટેશનની હદમાં આવતા ઇટોલા ચોકડી પાસે પાર ગામગામથી પસાર થતા ને.હા. નં.૪૮ પર તા ૧૪ ઓગસ્ટના રોજ માથાના ભાગે ગંભીર ઈજા થયેલા આશરે ૩૫ વર્ષની ઉંમરના વ્યક્તિનો મૃતદેહ મળેલ છે. દેખાવ મુજબ શરીરે પાતળા બાંધાના, ઊંચાઈ ૫ ફૂટ છે. શરીરે કાળા કલરનું ... પહેરેલ છે. તેમનો લાશ એસ.એસ.જી હોસ્પીટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવી છે. તેમના પરિચિતના કે સગા વાહલાઓનો સંપર્ક હોય તો વરણામા પો.સ્ટે. કે કન્ટ્રોલ રૂમમાં જાણ કરવા વિનંતી છે.

૧૩મું એગ્રી એશિયા ૨૦૨૪: કૃષિ ટેકનોલોજી પર ગુજરાતનું પ્રમુખ પ્રદર્શન

૧૩મુ એગ્રી એશિયા ૨૦૨૪, ૨૦થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન, હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાશે. આ પ્રતિષ્ઠિત એક્ઝિબિશન એગ્રીકલ્ચર ટેકનોલોજીમાં નવીનતાઓને પ્રકાશિત કરશે અને ઉદ્યોગ વ્યાવસાયિકો માટે મૂલ્યવાન નેટવર્કિંગ તકો પ્રદાન કરશે.

ઇવેન્ટ કાયકમ

પ્રદર્શકો અને મુલાકાતીઓ: કૃષિ ક્ષેત્રના આધુનિક ટેકનોલોજીને રજૂ કરતાં આ પ્લેટફોર્મ પર ૨૦૦ થી વધુ અગ્રણી પ્રદર્શકો અપેક્ષિત છે, તથા ૨૦,૦૦૦ થી વધુ મુલાકાતીઓના હાજરી આપશે.

એક્ઝિબિશન માટેના વિસ્તાર: આ પ્રદર્શન ત્રણ વિશાળ હોલમાં યોજાશે, જેમાં કુલ ૧૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તાર આવરી લેવામાં આવશે.

સમાંતર ઈવેન્ટસ: ડેરી લાઈવસ્ટોક એન્ડ પોલ્ટ્રી એક્સ્પો (DLPE) એક સાથે યોજાશે, જે કૃષિ ક્ષેત્રમાં વધારાની આંતરદૃષ્ટિ અને તકો પ્રદાન કરશે.

પરિસંવાદો અને પ્રદર્શના: ઉપસ્થિતોને પ્રીન ટેકનોલોજીના લાઈવ પ્રદર્શનો અને પશુ પ્રદર્શનની સાથે કૃષિ અને ડેરી ખેડૂતો માટે તૈયાર કરવામાં આવેલા વિવિધ સેમિનારનો લાભ મળશે.

થીમ: આ વર્ષની થીમ, ×અદ્યતન તકનીકો સાથે કૃષિના અનુભવ કરો× (Experience AGRICULTURE with ADVANCED TECHNOLOGY) પરંપરાગત ખેતી પદ્ધતિઓમાં આધુનિક તકનીકી ઉકેલોને એકીકૃત કરવાના ધ્યાન કેન્દ્રિત કરે છે.

એગ્રી એશિયા ૨૦૨૪ પ્રદર્શન અને અદ્યતન પ્રદર્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૫,૦૦૦ થી વધુ નવા ઉત્પાદનો સાથે અસાધારણ અનુભવનું વચન આપે છે, કૃષિ ઉદ્યોગમાં વિતરકો, ડીલરો અને હિતધારકો માટે આ એક આકર્ષક ઈવેન્ટ છે.

તરણેતરના મેળામાં પહેલી વાર ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાશે

મેળાઓ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, જે આપણી પરંપરાઓ, ખાણીપીણી, રહેણીકરણી અને વારસાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામમાં યોજાતો તરણેતરનો મેળો ગુજરાતની જીવંત સંસ્કૃતિ અને પરંપરાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આવતીકાલે ૬ સપ્ટેમ્બરથી ગુજરાતના સૌથી મોટા 'તરણેતરના મેળા'નો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પહેલી વાર તરણેતરના મેળામાં ગ્રામીણ પરંપરાગત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તરણેતરના મેળામાં યોજાતા ગ્રામીણ ઓલિમ્પિક અંતર્ગત વિવિધ વયજૂથના ખેલાડીઓ માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૮૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ અને ગોળાફેંક જેવી રમતનું આયોજન કરવામાં આવ્યું છે. ... યુવાનો માટે ગોળા ફેંક, લાંબી કૂદ, ૪૨૧૦૦ મીટર રિલે દોડ, ચક્રફેંક, કુસ્તી, વોલીબોલ, કબડ્ડી, રસ્સાખેંચ, સ્ટ્રોંગેસ્ટ મેન, સાતોડી (નારગોલ) અને માટલા ફોડવા ખાવાની હરીફાઈનું આયોજન કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ભારતીય જનતા પાર્ટીના સભ્ય બન્યો

હાલમાં ભાજપનું સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે. ધારાસભ્ય રિવાબા જાડેજાની સાથે પતિ રવિન્દ્ર જાડેજાએ પણ ભાજપ સભ્ય નોંધાવ્યું છે. ક્રિકેટર રવિન્દ્ર જાડેજા ભારતીય જનતા પાર્ટીના સભ્ય બન્યા છે.

રિવાબા જાડેજાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી માહિતી આપી હતી. રવિન્દ્ર જાડેજાએ ભાજપનું પ્રાથમિક સભ્ય પદ ગ્રહણ કર્યું છે. ક્રિકેટર રવિન્દ્ર જાડેજા પત્ની સાથે ભાજપના અનેક કાર્યક્રમોમાં પણ જોવા મળી ચૂક્યા છે.

રવિન્દ્ર જાડેજાએ ભાજપનું પ્રાથમિક સભ્ય પદ ગ્રહણ કર્યું છે. ત્યારે હવે એવી પણ ચર્ચાઓ થઈ રહી છે કે, શું રવિન્દ્ર જાડેજા રાજકારણમાં એન્ટ્રી કરશે. આના પર ક્રિકેટર કોઈ સ્પષ્ટતા હજુ સુધી કરી નથી.

તમને જણાવી દઈએ કે, રવિન્દ્ર જાડેજા ચેમ્પિયન ટ્રોફીમાં ભારતના સૌથી સફળ બોલર છે. જાડેજાએ ૧૦ મેચ રમી છે જેમાં કુલ ૧૯ વિકેટ લીધી છે. હાલમાં રમાય રહેલી દુલીપ ટ્રોફીમાં ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા રમતા જોવા મળશે નહિ.

ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ આંતરરાષ્ટ્રીય ૨૦ ટી મેચ ન નિવૃત્તિ લઈ લીધુ છે જે રીતે ક્રિકેટર રવિન્દ્ર જાડેજા પત્નીના રાજકારણમાં સપોર્ટ કરે છે. તેથી જ રીતે રિવાબા પણ ક્રિકેટરને સપોર્ટ કરવા માટે મેદાનમાં જોવા મળતા હોય છે.

સૌરાષ્ટ્ર, જામનગર, વડોદરા, કચ્છને અતિવૃષ્ટિગ્રસ્ત જાહેર કરવા શક્તિસિંહ ગોહિલની માંગ

ગોંડલ તાલુકાનાં ભોજપુરા ગામમાં ૧૦૦૦ થી વધુની દારૂની બોટલ કબ્જે

રાજકોટ એસએમસીએ ગોંડલ તાલુકાના ભોજપુરા ગામમાં રામાપીર મંદિર પાસે ૧૦૦૦ થી વધુની દારૂની બોટલ કબ્જે કરી કુલ રૂપિયા ૭ લાખથી વધુનો માલ ઝડપી પાડ્યો છે. ૫ ઈસમોને વોન્ટેડ જાહેર કરાયા છે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દરરોજ દારૂની હેરાફેરીના કિસ્સા સામે આવે છે. પરંતુ ગુજરાત પોલીસ રાજ્યને દારૂમુક્ત રાખવા કટિબદ્ધ જણાઈ રહી છે. રાજકોટ જીલ્લામાં સ્ટેટ મોનિટરિંગ સેલે ગોંડલ તાલુકામાં ભોજપુરા ગામમાં બાતમીના આધારે રામાપીર મંદિર પાસે વોચ ગોઠવી હતી, દરમિયાન એક વાહન ત્યાંથી પસાર થઈ રહ્યું હતું. શંકાના આધારે એસએમસીએ પોલીસે પીકઅપવાનને ઝડપી ૫ ઈસમાન ઝડપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ૫ ઈસમો ત્યાંથી નાસી છૂટ્યા હતા. એસએમસીએ દારૂની ૧૪૧૮ બોટલ કબ્જે કરી છે. જેની કિંમત રૂપિયા ૪ લાખ ૯૮ હજાર ૭૦૩ રૂપિયા છે. ત્યાં એક પીકઅપ વાન પણ ઝડપી છે જેની કિંમત રૂપિયા ૩ લાખ થાય છે. કુલ ૭ લાખ ૯૮ હજાર ૭૦૩ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. થોડા દિવસ અગાઉ સાબરમતી એસ.જી. હાઈવે પર ભાગવત વિદ્યાપીઠ બ્રિજ નીચેથી કારમાં દારૂ ભરીને લઈ જવાતા હોવાની માહિતી એસએમસીના અધિકારીઓને મળી હતી. જેથી બાતમીના આધારે એસએમસીએ બ્રિજ પાસે જાળ બિછાવી હતી. જેમાં પોલીસે કાર અટકાવીને તેમાંથી રૂપિયા ૨ લાખ ૩૯ હજાર ૭૦૦ ની કિંમતના દારૂના જથ્થાને કબ્જે કર્યો હતો. પોલીસે દારૂ અને કાર મળીને કુલ રૂપિયા ૧૦ લાખ ૬૯ હજાર ૭૦૦ની કિંમતનો મુદ્દામાલ ઝડપ્યો છે. બનાસકાંઠામાં અમીરગઢ પાસે કારના ચોરખાનામાં ... એસએમસીએ બાતમીના આધારે જાળ બિછાવીને આરોપીને ઝડપવાની કવાયત હાથ ધરી હતી. રેઈડ કરતા કારમાં અંદરથી રૂપિયા ૧ લાખ ૬૫ હજાર ૨૪૪ની કિંમતનો દારૂ, મોબાઈલ, રોકડ અને કાર મળીને કુલ રૂપિયા ૯ લાખ ૭૦ હજાર ૩૪૪ના મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જેમાં એસએમસીએ બનાસકાંઠાના દારૂના ધંધો કરનારા મુ... વી. વાઘેલાની ધરપકડ કરી હતી. જ્યારે પાંચ ફરાર આરોપીની શોધ હાથ ધરી હતી.

બનાસકાંઠામાં ભાજપનો ૧૧.૨૫ લાખ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક

સદસ્યતા અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા જિલ્લામાં સદસ્યતા અભિયાનનો જિલ્લા અધ્યક્ષ કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જાહેર નોટીસ